# સંઘ પ્રદેશ દમણ અને દીવ,
# સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,
# દીવ

**************************************************************

સં. એએસએફડી/24-એમએફવી/2019-20/ 1374 તારીખ :- 11/06/2019

## સાર્વજનિક સૂચના

દીવ જીલ્લા ના દરેક ફિશેરમેન, બોટ માલિકો તેમજ ફિશેરમેન અસોશિએશન ને જાણકારી આપવામાં આવે છે કે માનનીય કલેક્ટર સાહેબ, દીવ ના નિર્દેશાનુસાર તેમજ હવામાન ખાતા વિભાગ, અમદાબાદ ના મેસેજ પ્રમાણે હાલમાં **વાયુ નામનું વાવાઝોડા** દીવ તેમજ વેરાવળ ની સામે 650 કિ.મી. દૂર સ્થિર થયેલ હોય તેના સંદર્ભે **તારીખ 12/06/2019 થી 14/06/2019** દરમ્યાન દીવ તેમજ સૌરાષ્ટ્ર ની સાગરપટ્ટી વિસ્તારમાં ત્રાટકવાની શક્યતા રહેલી છે અને તે 100 કિ.મી. થી 120 કિ.મી. ની ઝડપે તોફાની પવન ફૂકાવાની અને ભારે થી અતિ-ભારે વરસાદ પડવાની સંભાવના રહેલી છે. તોફાની હવામાન અને ભારી વરસાદ ને ધ્યાનમાં રાખતા દરિયાઇ ક્ષેત્રો ના વિસ્તારોમાં ફિશેરમેન ભાઇઓ ની જાન-માલ અને ફિશિંગ બોટોની સલામતી અને સુરક્ષા ને ધ્યાનમાં રાખતા આ કચેરી દ્વારા માછીમારોને જાણ કરવામાં આવે છે આ કચેરી દ્વારા આગામી મેસેજ ન મળે ત્યાં સુધી કોઇ પણ પ્રકાર ની ફિશિંગ જેમકે દરિયાઇ તેમજ ક્રીક (ખાડી) વિસ્તારમાં ફિશિંગમાં જવાની સખત મનાઇ કરવામાં આવે છે.

ઉપરોક્ત 'વાયું' વાવાઝોડા ની ગંભીરતાને ધ્યાનમાં રાખતા દરેક ફિશેરમેન, બોટ માલિકો ને સૂચન કરવામાં આવે છે કે જે બોટ માલિકો ની ફિશિંગ બોટો પાણી માં રહેલી છે તે બોટો ને સુરક્ષિત જગ્યા પર રાખી તેને વ્યવસ્થિત રસ્સી (દોરડા) સાથે બાંધી લેવાની જાણ કરવામાં આવે છે.

(સુકર આંજણી)
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ
ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,

1. પ્રમુખશ્રી, નગરપાલિકા પરિષદ, દીવ
2. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, દીવ
3. સરપંચ, ગ્રામ પંચાયત, વણાકબારા, સાઉદવાડી, બુચરવાડા, જોલાવાડી
4. પ્રમુખશ્રી, દીવ જીલ્લા મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ,
5. પ્રમુખશ્રી, દીવ જીલ્લા માછીમાર એસોશિયેસન, વણાકબારા,ઘોઘલા,દીવ
6. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા,ઘોઘલા,દીવ

} જાણકારી તથા વધુમાં વધુ પ્રચાર- પ્રસાર માટે

પ્રતિલિપિ પ્રેષિત:-

1. માનનીય કલેક્ટર સાહેબ, કલેક્ટર કચેરી, દીવ } ............ જાણકારી માટે
2. મત્સ્યોધ્યોગ અધીક્ષક, દમણ } ............ જાણકારી માટે